## પાઠ – ૧૪.૩ અજીવ દ્રવ્ય

**૧) અજીવ :** જેમાં ચેતના નથી તે અજીવ છે. જેનો શબ્દાર્થ છે આત્મા વગરના દ્રવ્ય એટલા માટે તેમને કર્મબંધ નથી. જન્મ, મરણ, સુખ કે દુઃખ નથી કારણકે તે અજીવ છે, અચેતન છે. દા.ત. પંખો, ટીવી, ખોખું, ઈસ્ત્રી, ઘડિયાળ વગેરે.

૨) અજીવનું વર્ગીકરણ : અજીવનું પાંચ પ્રકારમાં વર્ગીકરણ થાય છે.

૧) પુદ્ગલાસ્તિકાય : પદાર્થ (matter)

૨)ધર્માસ્તિકાય : પુદ્ગલ અને જીવને ગતિ સહાયક

૩) અધર્માસ્તિકાય : પુદ્ગલ અને જીવને સ્થિરતા સહાયક

૪) આકાશસ્તિકાય : અવગાહના સહાયક પાંચેય દ્રવ્યને રહેવા માટે જગ્યા આપે

૫) કાળ : પરિવર્તન સહાયક

**૧) ધર્માસ્તિકાય (ગતિ સહાયક) :**

ધર્માસ્તિકાય = ધર્મ + અસ્તિકાય. આમાં ધર્મ એટલે રીલીજન નથી પરંતુ ગતિમાં સહાય કરનાર દ્રવ્ય છે અને અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ. ગતિએ જીવ અને પુદ્ગલનો સ્વભાવ છે પણ તે માટે આ દ્રવ્યની સહાયની જરૂર પડે તેના વગર જીવ અને પુદ્ગલ ગતિ ન કરી શકે. ગતિનું કારણ ધર્માસ્તિકાય દ્રવ્ય નથી પણ તે ફક્ત ગતિ સહાયક છે. આ વાતને પાણીમાં તરતી માછલીના ઉદાહરણથી સમજી શકાય, માછલી ગતિ કરે છે પણ પાણી સહાયક છે તેમ. આ દ્રવ્ય એક સળંગ દ્રવ્ય છે જે ફકત લોકાકશમાં છે અને અસ્તિકાય છે.

વિજ્ઞાન પણ સ્વીકારે છે કે આ વિશ્વની અંદર પરમાણુ હોય કે મોટામાં મોટો અવકાશી પદાર્થ દરેકની ગતિ હોય જ છે. આ ગતિ સહાયક શું છે ? તેનું સંશોધન આજનું વિજ્ઞાન કરી રહેલ છે.

**૨) અધર્માસ્તિકાય (સ્થિરતા સહાયક) :**

અધર્મનો અર્થ સ્થિરતા સહાયકતા છે. ઉપર જણાવ્યા પ્રમાણે વિશ્વનો કોઈપણ પદાર્થ ગતિ વગર નથી અને આમ છતા સાપેક્ષ દ્રષ્ટિએ સ્થિર છે. જેમ કે આપણે બધા ગતિમાં હોવા છતા અથડાતા નથી. જે દ્રવ્ય જીવ અને પુદ્ગલની સ્થિરતાને સહાયતા કરે છે તે અધર્માસ્તિકાય કહેવાય. આ દ્રવ્ય પણ એક સળંગ દ્રવ્ય છે જે ફકત લોકાકશમાં છે અને અસ્તિકાય છે.

**૩) આકાશસ્તિકાય (અવગાહના સહાયક) :**

આકાશ + અસ્તિકાય. વિશ્વમાં જે ખાલી જગ્યા જણાય છે તે આકાશ છે.જે બે ભાગમાં વહેંચાયેલું છે, લોકાકાશ અને અલોકાકાશ.અલોકકાશ અનંત છે.

જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ એ બધા લોકાકાશમાં જ હોય છે.

**અ) લોકાકાશ :** ખાલી જગ્યા જે બીજા પાંચ દ્રવ્યોથી ભરેલી છે એ લોકાકાશ છે. એનો અંત છે, સિમિત છે. લોકાકાશ ચાર ભાગમાં વિભાજીત છે જે છે સિધ્ધશીલા, ઉર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક.

**બ) અલોકાકાશ :** બાકીની અસિમિત ખાલી જગ્યા જે લોકાકાશની આજુબાજુ છે એ અલોકાકાશ છે. લોકાકાશ અનંત ખાલી જગ્યા છે.

**૩) પુદ્ગલાસ્તિકાય : પુદ્ગલ :**

પુદ્ +ગલ. પુદ્ એટલે ભેગા થવું ગલ એટલે છુટા પડવું. જે ભેગા થઈ શકે અને છુટા પડી શકે એને પુદ્ગલ કહેવાય છે. આપણું મોર્ડન વિજ્ઞાન જેવું કે ભૌતિકશાસ્ત્ર, ઊર્જાશાસ્ત્ર, બળ અને રસાયણશાસ્ત્ર બધુંજ પુદ્ગલ ને અનુલક્ષીને છે.

પદાર્થના સૂક્ષ્મ અવિભાજય ભાગને પ્રદેશ કહેવાય છે પણ જો એ પદાર્થથી છુટો પડી ગયો હોય તો તેને પરમાણુ કહેવાય છે. આ સંભાવના ફક્ત પુદ્ગલમાં જ હોય અન્ય દ્રવ્યમાં નહી

**પુદ્ગલના ગુણધર્મો :**

૧) જે રૂપી છે અથવા ઈન્દ્રિયોથી ગ્રાહ્ય છે.
૨) તેમને સ્પર્શ, સ્વાદ, ગંધ, રંગ અને આકાર હોય છે.
૩) ચેતના નથી
૪) જ્ઞાન નથી
૫) અનંત છે

**પુદ્ગલના ત્રણ પ્રકાર છે.**

પદાર્થના સંપૂર્ણ ભાગને **સ્કંધ** કહેવાય છે અને તેના નાના ભાગને **દેશ** કહેવાય છે અને તેના અવિભાજય સૂક્ષ્મ ભાગને પ્રદેશ કહેવાય છે. પણ જો આ પ્રદેશ પદાર્થથી છુટો પડી જય તો તેને **પરમાણુ** કહેવાય છે.

જે રૂપી છે તે બધા પુદગલ છે. પણ જો રૂપી પદાર્થ ખૂબજ સૂક્ષ્મ અવસ્થામાં હોય તો આપણે એને નરી આંખે જોઈ શકતા નથી. પુદ્ગલ સિવાયના કોઈપણ દ્રવ્ય રૂપી નથી.

આત્મા રૂપી નથી, હજારો શુધ્ધ આત્મા સાથે હોય તો પણ દેખાતા નથી.

**પુદ્ગલની ૨૦ પ્રકૃતિઓ અથવા ગુણધર્મો જે બીજા દ્રવ્યમાં નથીઃ**

૧) પાંચ રંગ : લાલ, પીળો, નીલો, સફેદ અને કાળો
૨) બે ગંધ : સુગંધ અને દુર્ગંધ
૩) પાંચ સ્વાદ : ખારો, ખાટો, મીઠો, કડવો, તૂરો
૪) આઠ સ્પર્શ : ગરમ-ઠંડુ, ભીનું-સુકુ, હલકુ-ભારી, લીસુ-ખરબચડુ

આ ઉપરાંત સંસ્થાન અથવા આકાર દરેક પુદ્ગલમાં હોય જ. આ બધી પુદ્ગલની સ્વાભાવિક ક્રિયાઓ છે એટલે તેની ઉપસ્થિતિ હોય જ.

**પુદ્ગલની ૧૦ ક્રિયાઓ જેનું કારણ તેમાં રહેલા પરમાણુઓ છે :**

૧) બંધ : પરમાણુની ભેગા થવાની પ્રક્રિયા

૨) સ્થૂળ : પરમાણુનો જથ્થો થવો (પરિણામ)

૩) ભેદ : પરમાણુની છુટા પડવાની ક્રિયા

૪) સુક્ષ્મ : છુટા પડયા પછીની સ્થિતી – છૂટા પરમાણુની અવસ્થા જે નરી આંખે ન જણાય

૫) સંસ્થાન : આકાર હોવો (નિયમિત્ત કે અનિયમિત્ત)

૬) શબ્દ : પરમાણુની ગતિથી થતો અવાજ

૭) તમ : અંધારું, પુદ્ગલમાંથી અંધારું બહાર પડે એવી વાતનો વિજ્ઞાન સ્વીકાર કરતું નથી

૮) છાયા : પડછાયો

૯) ઉધ્યોત : પુદ્ગલથી નીકળતો ઠંડો પ્રકાશ

૧૦) આતાપ : પુદ્ગલથી નીકળતો ગરમ પ્રકાશ

સંસ્થાન સિવાયની ૯ ક્રિયાઓ પુદ્ગલની વિભાવિક ક્રિયાઓ છે, અર્થાત હોય પણ ખરી અને ન પણ હોય.

૮ પકારના કર્મ અને ૮ પ્રકારના વર્ગણા જેના કારણે શરીર, ઈન્દ્રિય, દ્રવ્ય પ્રાણ, પર્યાપ્તિ બને છે તે સઘળા પુદ્ગલના બનેલા છે.

ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ શરીરમાં ઔદારિક શરીર સૌથી સ્થુળ છે જયારે કાર્મણ શરીર સૌથી સુક્ષ્મ છે.

| જીવ અને પુદ્ગલના મહત્વના તફાવત | | |
|---|---|---|
| ગુણ | જીવ | પુદ્ગલ |
| ચેતના | હા | ના |
| રૂપી | ના | હા |
| ભેગા અને છુટા થવું | ના | હા |
| ન્યૂનતમ ભાગ કહેવાય છે | પ્રદેશ | સાથે હોય તો પ્રદેશ અને છુટો હોય તો પરમાણુ |
| સ્પર્શ | ના | હા (૮ પ્રકાર) |
| સ્વાદ | ના | હા (૫ પ્રકાર) |
| ગંધ | ના | હા (૨ પ્રકાર) |
| રંગ | ના | હા (૫ પ્રકાર) |

## કર્મ પુદ્‌ગલ – કર્મ બીજ – કાર્મણ શરીર

કર્મ પુદ્‌ગલનો એક સુક્ષ્માતી સુક્ષ્મ પ્રકાર છે. તેને કર્મ અથવા કાર્મણ શરીર પણ કહેવાય છે. તેઓ એટલા સુક્ષ્મ છે કે ઈન્દ્રિયોથી જાણી શકાતા નથી. બ્રહ્માંડમાં આ પુદ્‌ગલ ઠાસોઠાસ ભરેલા છે. અનાદી કાળથી આત્મા સાથે કર્મનો બંધ છે. થોડા વર્ષો પહેલા આપણે માનતા હતા કે અણુ અવિભાજય છે પરંતુ પછી ખબર પડી કે અણુ ત્રણ મુળભૂત ઘટકોનો બનેલો છે ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન. હજી તેને વિભાજિત કરતા આપણને fermions (quarks, leptons, antiquarks and antileptons) મળે છે જે પુદ્‌ગલના જ ભાગ છે. અને anti matter અને મુળભૂત bosons (gauge boson and higgs boson) જે સમાન્ય રીતે ઊર્જાના પુદ્‌ગલ છે. વૈજ્ઞાનિક રીતે આ બધા સુક્ષ્મ છે. જૈન દર્શન તેની પણ આગળ જઈ કહે છે કે કાર્મિક પુદ્‌ગલ એનાથી પણ સુક્ષ્મ છે. કર્મ પુદ્‌ગલ એટલા સુક્ષ્મ છે કે બ્રહ્માંડની કડકમાં કડક વસ્તુની પણ આરપાર જઈ શકે છે. કર્મની આત્મા સાથે જોડાવાની ક્ષમતા છે તે જે આત્મા સાથે જોડાયેલ હોય તે આત્માનો તેના પર પ્રભાવ હોય છે. એક આત્મા બીજા આત્માના કર્મ ઉપર પ્રત્યેક્ષ પ્રભાવ ન પાડી શકે. જેવી રીતે ટીવી કે મોબાઈલ ફોન વાતાવરણમાં રહેલા અનંત તરંગોને ગ્રહણ કરે છે તે જ પ્રમાણે આત્મા પોતાની સતત પ્રવૃતિ દ્વારા કર્મને આકર્ષે છે, બાંધે છે અને છોડે છે.

એ કર્મ જ છે જે આત્માને તેના સાચા સ્વભાવથી વંચિત રાખે છે. કર્મના લીધે જ આપણને સુખ અને દુઃખની લાગણી થાય છે અલગ અલગ ગતિ મળે છે અને તેના લીધે જ શરીર અને આયુષ્ય મળે છે.

**કર્મ વિશે જૈન ધર્મ અને વિજ્ઞાન :**

**અણુ**

**ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન**

Photon, Quarks, Leptons, Bisoms etc.

આવા બીજા સુક્ષ્મ પાર્ટીકલ્સ વિજ્ઞાને શોધી કાઢયા છે. કર્મ પુદ્‌ગલ આનાથી પણ સુક્ષ્મ છે જેને વૈજ્ઞાનિકો હજી શોધી શકયા નથી. ૮ પ્રકારના કર્મ જેવાકે જ્ઞાનાવર્ણીય આદી કર્મ વગેરે સુક્ષ્મ રૂપમાં હાજર છે જેને જૈન દર્શન કર્મ બીજ કહે છે.

જ્યારે આત્મા એક ગતિમાંથી બીજી ગતિ તરફ જાય છે ત્યારે તે આ કર્મબીજને સાથે લઈ જાય છે. તેની સાથે હંમેશા તેજસ શરીર હોય છે જે કાર્મણ શરીરને શકિત આપે છે જેનાથી તેની ગતિ થાય છે. બીજી ગતિમાં જાય છે ત્યારે તેને , શરીર, પર્યાપ્તિ, પ્રાણ વગેરે કર્મ બીજને અનુરૂપ મળે છે.

**૫) કાળ (સમય) :**

કાળ એટલે સમય. જે જીવ અને પુદ્ગલને પરિવર્તન સહાયક છે દા.ત. બાળક યુવાન બને છે, યુવાન વૃધ્ધ બને છે અને વૃધ્ધ અંતે મૃત્યુ પામે છે. બીજા શબ્દોમાં કોઈપણ વસ્તુ જે નવી છે તે જૂની જર્જરીત સમય સાથે થાય છે. આત્મા અને પુદ્ગલ નિરંતર પોતાની સ્થિતિ બદલે છે એને પર્યાય પણ કહેવાય છે. આ પર્યાય સમયથી જણાય છે. સામાન્ય રીતે વ્યવહાર માટે સેકન્ડ ન્યૂનતમ માપ છે પરંતુ જૈન દર્શનમાં સૌથી નાનું માપ સમય છે અને આ સૌથી નાના સમયના અસંખ્ય માપને જોડીને સેકન્ડ બને છે.

**જૈન દર્શનમાં સમય માટે બે મત છે : અમુક આચાર્યો કાળને દ્રવ્યમાં ગણતા નથી એટલે,**

૧) સમય કાલ્પનિક વસ્તુ છે એટલે તેનું સાચું અસ્તિત્વ નથી.

૨) સમય સત્ છે. જે સૂક્ષ્મ કાળ પ્રદેશોનો સમૂહ છે.

કાળના બે પ્રકાર છે  નિશ્ચય કાળ અને વ્યવહાર કાળ. નિશ્ચય કાળ અન્ય દ્રવ્યમાં થતા પરિવર્તનને સહાયરૂપ છે જે ૧૪ રાજલોકમાં છે. વ્યવહાર કાળ એ નિશ્ચય કાળનો પર્યાય છે જેનાથી સમયનું માપ માપી શકાય છે  દા.ત. સેકન્ડ, મિનિટ, કલાક વગેરે.

કાળના ગુણ – સ્વભાવ

૧) વર્તણા : સતત વહેવું તે – પરિવર્તન સહાયક

૨) પર્યાય : કાળનું માપ (વ્યવાહર કાળ – સમયથી કાળચક્ર સુધી)

૩) ક્રિયા : વસ્તુમાં થતી ક્રિયા દા.ત. રસોઈ બની રહી છે

૪) પરત્વ : વસ્તુની વર્તમાન અવસ્થા

૫) અપરત્વ : વસ્તુની ભૂતકાળ અવસ્થા

આ રીતે દરેક દ્રવ્યનું કાળની અપેક્ષા એ વર્ણન થઈ શકે. નિશ્ચય કાળ કે વ્યવહાર કાળના સુક્ષ્માતીસુક્ષ્મ ભાગને સમય કહેવામાં આવે છે. વર્તમાન અપેક્ષાએ કાળ એક પ્રદેશી અથવા એક સમયનો હોય પણ ત્રણ કાળની અપેક્ષા એ કાળ અનંત છે. વ્યવહાર કાળ સૂર્ય કે ચંદ્રની ગતિને આધારિત હોવાથી ફક્ત અઢી દ્વિપમાં જ છે જયારે નિશ્ચય કાળ ૧૪ રાજલોકમાં છે.

ભરતક્ષેત્રમાં કાળચક્ર :

જૈન દર્શન માને છે સમય અનંત અને અનાદિ છે જે એક ચક્રમાં ફરે છે જેને કાળચક્ર કહેવાય છે. દરેક કાળચક્ર હજી બે સરખા ભાગમાં વિભાજિત થાય છે. પહેલું અડધો પ્રગતિશીલ અથવા ઉર્ધ્વગતિવાળો છે તેને ઉત્સર્પિણી કાળ અને બીજો ઉતરતો અથવા તેને અવસર્પિણી કાળ કહેવાય છે. આ બંને ૬ ભાગમાં વિભાજિત થાય છે તેને આરા કહેવાય છે. ઉત્સર્પિણી કાળના અર્ધચક્ર દરમ્યાન પ્રગતિ, વિકાસ, સુખ, બળ, ઉંમર, ધર્મ વગેરે સૌથી ખરાબથી સૌથી સારા તરફ જાય છે. અવસર્પિર્ણી

કાળમાં આનાથી ઉલટું સારાથી ખરાબ તરફ જાય છે. હમણા આપણે અવસર્પિણી કાળના પાંચમાં આરામાં છીએ જયારે અવસર્પિણી કાળ પૂરો થશે ત્યારે ઉત્સર્પિણી કાળ શરૂ થશે. કાળચક્ર આવી રીતે નિરંતર ચાલુ જ રહેશે. ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ મળીને એક કાળચક્ર થાય છે તેને કલ્પ કહેવાય છે. કુલ મળીને એક કાળચક્ર ૨૦ ક્રોડાકોડી સાગરોપમ છે. ટુંકમાં ૨૦kk સાગર સમય.

અવસર્પિણી કાળનો નામ અને તેના ૬ આરાનો સમય નીચે પ્રમાણે છે. આપણા ધર્મના બધાજ તિર્થંકરો ૩જા અને ૪થા આરામાં જન્મે છે. હમણા આપણે પાંચમાં આરામાં છીએ. અવસર્પિણી કાળનો પાંચમો આરો દુષમ આરો છે. (૨૬૦૦ વર્ષ નીકળી ગયા છીએ કુલ મળીને ૨૧,૦૦૦ વર્ષ છે).

વર્તમાનમાં એક જ સમય હોય, સંખ્યાની દ્રષ્ટિએ એક હોવાથી એક પ્રદેશી કહેવાય. જો વહી ગયેલો કાળ, વર્તમાન કાળ અને ભવિષ્યના કાળને ભેગા કરીએ તો એ અપેક્ષાએ કાળ અનંત છે. જેમ ઘડિયાળ ન હોય તો પણ કાળ તો હોય. અર્થાત કાળ નિશ્ચયથી છે.

| | |
|---|---|
| અસંખ્ય સમય | ૧ અવલી (આંખના પલકારાનો સમય) |
| ૧૬,૭૭૭,૨૧૬ અવલી | ૧ મુહુર્ત (૪૮ મિનિટ) |
| ૩૦ મુહુર્ત | ૧ દિવસ |
| ૧૫ દિવસ | ૧ પખવાડિયું |
| ૨ પખવાડિયા | ૧ મહિનો |
| ૧૨ મહિના | ૧ વર્ષ |
| ૫ વર્ષ | ૧ યુગ |
| ૮૪૦૦૦૦૦ લાખ વર્ષ | ૧ પૂર્વાંગ |
| ૮,૪૦૦,૦૦૦ X ૮,૪૦૦,૦૦૦ વર્ષ | ૧ પૂર્વ |
| અસંખ્યાત પૂર્વ | ૧ પલ્યોપમ |
| અસંખ્યાત પલ્યોપમ | ૧ સાગરોપમ |
| ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ | પ્રત્યેક અવસપિર્ણી અથવા ઉત્સવપિર્ણી કાળ |
| ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧ કાળ ચક્ર |

| ૬ આરાના નામ અને તેનો સમય ગાળો | |
|---|---|
| સુખમ સુખમ કાળ | ૪ ક્રોડાક્રોડી સાગરોપમ |
| સુખમ કાળ | ૩ ક્રોડાક્રોડી સાગરોપમ |
| સુખમ દુઃખમ કાળ | ૨ ક્રોડાક્રોડી સાગરોપમ |
| દુઃખમ સુખમ કાળ | ૧ ક્રોડાક્રોડી – ૪૨,૦૦૦ વર્ષ |
| દુઃખમ કાળ | ૨૧,૦૦૦ વર્ષ |
| દુઃખમ દુઃખમ કાળ | ૨૧,૦૦૦ વર્ષ |

**જૈન દર્શન અને વિજ્ઞાનનો સંબંધ :**

જૈન દર્શને એવું નથી માનતું કે કોઈ બહારની તાકાત કે અદ્રશ્ય શકિતએ શૂન્યમાંથી સર્જન કર્યું છે અને કેટલાક સચોટ સમય પછી તે પાછું શૂન્યમાં મળી જશે. આ અશક્ય વાત છે અને આ વિચાર પણ અવૈજ્ઞાનિક છે. જે અસ્તિત્વમાં છે તે રહેશે જ તેનો નાશ શક્ય નથી. શૂન્યમાંથી સર્જન અસંભવ છે. આપણે રોજીંદા જીવનના દાખલા લઈએ તો વસ્તુની સ્થિતિ બદલાય છે પણ પુદ્ગલ એ જ રહે છે. દા.ત. મીણબતી જયારે વપરાશમાં નથી ત્યારે સખત છે, એક ચોક્કસ રંગની છે, ચોક્કસ આકાર અને જગ્યા રોકે છે. પરંતુ જયારે બળે છે તો કશું નથી રહેતું આ ખોટી માન્યતા છે. પદાર્થ હજી પણ છે તેણે અલગ કદ, નામ અને આકાર લીધો છે. મીણબતી હવે હાયડ્રોજન અને કાર્બનની બની ગઈ છે. તમારા ઘરનું રાચરચીલું પહેલા એક ઝાડ હતું. વિજ્ઞાનની પરિભાષામાં એ અણુના અવિનાશી સિધ્ધાંત અથવા ઊર્જાનું સંરક્ષણ છે. વૈજ્ઞાનિકો એ પણ જાહેર કરી લીધુ કે અણુ બ્રહ્માંડની સૌથી નાની ચીજ છે જે ફરીથી વિભાજિત કરી શકાતા નથી. સૌથી નાનો જમીનનો અણુ, અગ્નિ, પાણી, હવા વગેરેમાં પણ જીવન છે એમ જૈન ધર્મ માને છે. અર્વાચીન વૈજ્ઞાનિકો કહે છે કે તે પુદ્ગલ અને શકિત એકબીજા સાથે બદલાવી શકાય છે. તેનો સંબંધ આલ્બર્ટ આઈનસ્ટાઈને ૧૯૦૫માં સમજાવ્યો છે.E=mc2

નોંધ કરવા જેવું એ છે કે શકિત દ્રશ્યમાન થાય છે ત્યારે પદાર્થ અદ્રશ્ય છે. તો જયારે શકિત અદ્રશ્ય છે તો પદાર્થ દ્રશ્યમાન હોવો જોઈએ. આ હાઈડ્રોજન બોમ્બ ધડાકાથી બતાવવામાં આવ્યું હતું.

વિજ્ઞાનનો વિદ્યાર્થી જો જાણે કે જૈનદર્શન પુદ્ગલ (પદાર્થ)ને કેવી રીતે જુએ છે તો આશ્ચર્ય ચકિત થઈ જશે. એ શકિત સંરક્ષણનો નિયમ જાણવા માટે આતુર થશે. અણુ અને પરમાણુનું બંધારણ એવું છે અને શકિત જેમકે ગરમી, વીજળી, ધ્વનિ આ બધા પણ પદાર્થના અલગ રૂપ જ છે.

લોક પ્રકાશના સિધ્ધાંત સાથે અસીમિત આંકડાનો સિધ્ધાંત જૈન મત સાથે સુસંગત છે અને અર્વાચીન ગણિત સાથે પણ સુસંગત છે. સમય અને પ્રકાશની ઓળખનો સિધ્ધાંતનો પ્રશ્ન છે. તત્વજ્ઞાન અનેક રહસ્યો શોધી રહ્યું છે. જેમાંની અનેક વાતો જૈન ધર્મમાં આપેલા સિધ્ધાંતને સાથે સુસંગત છે, અનેક તફાવત પણ છે અને સંશોધનનો અવકાશ છે.

## દ્રવ્યની તુલનાનો ચાર્ટ

| દ્રવ્ય | સંખ્યા | વિભાજીતતા | વિસ્તાર | સક્રિય | પ્રદેશ | અસ્તિકાય | ચૈતન્ય | રૂપી |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ | અનંત | ના | શરીર પ્રમાણે (અપવાદ સમુદ્દઘાત) | હા | અસંખ્ય | હા | હા | ના |
| પુદ્ગલ રાજલોક | અનંત | હા અસંખ્યાત | સુક્ષ્મ થી ૧૪ | હા | સંખ્યાત અનંત | હા | ના | હા |
| ધર્માસ્તિકાય | એક સળંગ | ના | ૧૪ રાજલોક | ના | અસંખ્ય | હા | ના | ના |
| અધર્માસ્તિકાય | એક સળંગ | ના | ૧૪ રાજલોક | ના | અસંખ્ય | હા | ના | ના |
| આકાશ | એક સળંગ | ના | લોક અલોક | ના | અનંત | હા | ના | ના |
| કાળ | વર્તમાન અપેક્ષા એ એક સમય અને ત્રિકાળ અપેક્ષા એ અનંત સમય | ના | વર્તમાન અપેક્ષા એ એક સમય અને ત્રિકાળ અપેક્ષા એ અનંત સમય | ના | એક | ના | ના | ના |

## અસ્તિકાય અને અનાસ્તિકાયની સમજ

| દ્રવ્ય | ન્યૂનતમ ભાગનું નામ | ન્યૂનતમ ભાગની સંખ્યા | ન્યૂનતમ ભાગ અવિભાજય | ન્યૂનતમ ભાગની ફરી ભેગા થવાની |
|---|---|---|---|---|
| ક્ષમતા | | | | |
| જીવાસ્તિકાય | પ્રદેશ | અસંખ્ય | હા | હંમેશાઅવિભાજય છે |
| પુદ્ગલાસ્તિકાય | પ્રદેશ/પરમાણુ | અનંત | ના | હા |
| ધર્માસ્તિકાય | પ્રદેશ | અસંખ્ય | હા | હંમેશાઅવિભાજય છે |
| અધર્માસ્તિકાય | પ્રદેશ | અસંખ્ય | હા | હંમેશાઅવિભાજય છે |
| આકાસ્તિકાય | પ્રદેશ | લોક-અસંખ્ય અલોક-અનંત | હા | હંમેશા અવિભાજય છે |
| કાળ | સમય | વર્તમાન અપેક્ષા એ એક સમય અને ત્રિકાળ અપેક્ષા એ અનંત સમય | હંમેશા અલગ | અનાસ્તિકાય છે. |

**નોંધ :**

**૧) જીવ, ધર્મ, અધર્મ અને આકાશના પ્રદેશ હંમેશા અવિભાજય છે ક્યારેય અલગ થતા નથી. પુદ્ગલમાં સૌથી નાનો ભાગ જુદો થઈ શકે છે અને પાછો જોડાવાની ક્ષમતા રાખે છે. એટલે આ બધા અસ્તિકાય છે.**

**૨) બીજી બાજુ બે સમય ને ક્યારે પણ સાથે હોવાની ક્ષમતા નથી અને એટલે તેઓ સાથે નથી. નાનામાં નાનો ભાગ પણ સાથે નથી જ. એટલે તે અનાસ્તિકાય છે. કાય એટલે એકત્ર હોવું. કાળ અનાસ્તિકાય છે.**

**દ્રવ્યને જાણવાનું મહત્વ :**

**પાછા મુળભૂત સવાલ પર આવીએ છીએ કે, હું કોણ છું? દ્રવ્યને જાણવાથી આપણને આત્મા, કર્મ અને તેમના સંબંધની જાણકારી મળે છે. તેઓ બંને ભૌતિક અને પરાભૌતિક વાત છે. આનાથી આપણી આધ્યાત્મિકતા અને મુકિતનો પ્રવાસ શરૂ થાય છે.**

**એટલે કે પાછા મુળભૂત સવાલ પર આવીએ છીએ કે હું કોણ છું ?**

**૧) હું દુર્લભ છું : અનંત પ્રકારના સજીવો વિશ્વમાં છે. બધામાં મનુષ્ય ગણી શકાય તેટલા છે અને મનુષ્યનું જીવન પણ સીમિત છે. આ કાળમાં સજીવ સૃષ્ટિ છે જેમાં હું જન્મયો છું.**

**૨) હું અનન્ય છું : બધી પ્રજાતિમાં મારા જેવું કોઈ અસ્તિત્વમાં ન હતું, હમણા નથી અને થશે પણ નહી.**

**૩) હું પસંદ કરાયેલો છું : કરોડો શુક્રાણુ બીજમાંથી મારી માતા એ મને પસંદ કર્યો છે.**

**૪) હું ભાગ્યશાળી છું : કારણકે હું જે સમયમાં જન્મયો છું એ સમય માનવજીવનની સગવડતાનો સૌથી ઉતમ સમય છે. એક મહત્વનો તફાવત મનુષ્ય અને પ્રાણીમાં એ છે કે મનુષ્ય પોતાના જ્ઞાન અને તંત્રજ્ઞાનનો ખૂબજ ઉપયોગ કરે છે.**

**૫) મારી પાસે પૂર્ણ વિકસિત એવી પાંચ ઈન્દ્રિયો છે : મારી ઈન્દ્રિયોથી હું લાગણી, વેદના વગેરે અનુભવી શકું છું.**

**૬) મારી પાસે સર્વોતમ મગજ છે : મનુષ્યને પ્રાણીઓથી અલગ કરતું એક બળ છે એ મનુષ્ય પાસેનું વિકસિત મગજ છે.**

**૭) મારી પાસે સર્વોતમ ભાષા અને સંદેશ વ્યવહાર છે : જ્યારે હું બોલું છું ત્યારે હું મારી ઈચ્છા, લાગણી, મરજી અને યુકિત જણાવી શકું છું, પ્રદર્શિત કરી શકું છું.**

**૮) મારી પાસે એવી બધ્ધિ છે જેનાથી હું સુખ અને દુઃખનો અનુભવ કરી શકું છું : મારા ગમા અને અણગમાની મને જાણ છે અને હું પીડા અને સુખમાંથી એકને પસંદ કરી શકું છું. એટલે જ હું મારા સુખને વધારી દુઃખને ઓછું અથવા નિવારી શકું છું. મારા પોતાના અને બીજાના સુખ માટે વિચારી શકું છું.**

**૯) મારી પાસે બધા દુઃખો દુર કરી મુકિત મેળવવાની ક્ષમતા છે : હું એક પ્રતિભાશાળી મનુષ્ય છું. હું નૈતિકતા અને અનૈતિકતા વચ્ચે પસંદગી કરી શકું છું. મારી પાસે મારા સાચા અસ્તિત્વને એટલે કે મુક્તિ પામી શકવાની ક્ષમતા છે.**

**પુદ્ગલને શા માટે જાણવા ?**

**૧) આ પુદ્ગલ કારણ વગર રાગના કારણ બને છે. સોનું, ચાંદી, સંપત્તિ, મકાન, ગાડી વગેરે પુદ્ગલ છે.**

**૨) કર્મ એ વર્ગણા પુદ્ગલના પ્રકાર છે. જેની મારા આત્મા જોડે જોડાવાની ક્ષમતા છે ! મારો આત્મા પોતાની પ્રવૃત્તિથી કર્મ બાંધે છે અને છોડે છે.**

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ નું જ્ઞાન વિશ્વ વ્યવસ્થા સમજવા માટે જરૂરી છે કારણ કે તે જીવના અસ્તિત્વ માટે ઉપકારી, સહાયક દ્રવ્ય છે.**